# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૩૮ ● સળંગ અંક : ૧૪૩ ● તા.૦૬ માર્ચ થી ૧૨ માર્ચ ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# જ્ઞાતિમાં નારી શક્તિની બોલબાલા સાથે અવિરત આગેકૂચ

## INTERNATIONAL WOMEN'S DAY


વીણા નાગડા


મીનલ ખોના


ખ્યાતી ધરમશી


જયશ્રી મોતા


ખ્યાતી વોરા


શિવાની


રૂપલ નાગડા


પન્ના મોમાયા


પુનમ મોમાયા


અમી નાગડા


દિવ્યા મોમાયા


પરીથા છેડા


પ્રીતિ લોડાયા


ગીતાબેન


ચેતના મોમાયા


માયાબેન


દર્શીકા દૌલત


લજીતા ખોના


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**તિલોકચંદ નરશી દંડ**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# આપણી નકારાત્મક મનોવૃત્તિને બદલીએ

જીવનમાં દરેક બાબતોની બે બાજુ હોય છે. નકારાત્મક અને હકારાત્મક. કોઈપણ પરિસ્થિતિનો સામનો આ બન્નેમાંથી કોઈપણ એક રીતે થઈ શકે છે. જે નિર્ણાયત્મક થાય છે. જે વ્યક્તિ નકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું નકારાત્મક થઈ જશે અને જે વ્યક્તિ સકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું સારું વિધાયક થઈ રહેશે. આપણી આસપાસ ઘડાય છે તેના સ્ત્રોત આપણે પોતે જ હોઈએ છીએ. આપણું મન જેવું હશે તેવું આપણને દેખાશે. એટલે જ તો કહેવાયું છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દરેક બાબતમાં આપણું વલણ ખાડેખાં પણ કાઢવાનું જ હોય તો સારું ક્યાંથી દેખાવાનું? ખરાબ નજર, ખરાબ વૃત્તિ એ સામેવાળામાં ખામી નથી આપણ પોતાની ખામી છે. આપણામાં ખરાબી રહેલી છે જે કોઈનું સારું જોઈ શકતી નથી. આપણા સ્વભાવની વક્રતા અન્યનું સારું સાચુ જોઈ શકતી નથી. જીવનમાં સતત નકારાત્મક ભૂમિકા માણસને કોરી નાખે છે. કારણ કે આ નેગેટિવી આપણી ચેતન, શક્તિ અને ઓજસનો અસ્ત કરી દે છે. આ નકારાત્મક વિચારધારા આખરે યાતના, દુ:ખ અને પીડામાં પલટાઈ જાય છે.

કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી. જીવનમાં ઘટતી દરેક બાબતોનો ઉદાર મનોભાવથી સ્વીકાર કરી લઈએ તો મોટા ભાગની સમસ્યાઓ કે પરિસ્થિતિ દુર થઈ જાય છે. સાનુકુળ થઈ જાય છે. અન્યોની સાથે ચાલવા કરતાં આપણે તેઓની સામે ઊભા રહીએ છીએ. જે દુશ્મની, અદાવતનો પાયો રોપી દે છે. અંજપો, ચિંતા અને અસુખ આને કારણે આપણે ભોગવીએ છીએ. સમયના વહેણ સાથે પડવા કરતા તેની સાથે ચાલીએ, વહીએ તો એ વહેતી ધારા આપણી મદદગાર થાય છે. જે વિચાર, વર્તન સાથે વિધાયક ભાવે જોડાશું તો એના લીધે તે આપણી શક્તિને બળ બની જશે. દુ:ખ-સુખમાં, યાતના રાહતમાં, નિષ્ફળતા સફળતામાં પલટાઈ જશે. વિરોધ કરવા કરતાં વિધાયક ભૂમિકાથી સમય, સંજોગ અને પરિસ્થિતિ બદલાય છે. એટલે જ તો પરિસ્થિતિ અસ્તિત્વ, સમય અને સંજોગ કાળનો સ્વીકાર એજ જીવન છે.

હંમેશા અન્યોના વિચારોને વળણને પ્રત્યે સકારાત્મક ભાવ ધરાવવા જોઈએ. દરેકના વિચાર વલણ આપણી અનુકુળ ન હોય તો પણ તેને સાનુકુળ આપણે થઈ જઈએ, તેની સાથે સકારાત્મક થઈ જઈએ તો સંઘર્ષ ન સર્જાય અને શાંતિ, સુખ, સદ્ભાવનો માહોલ સર્જાય. જે આગળ નકારાત્મક વલણ હારી જાય છે. હટી જાય છે. બધે બધું આપણી મરજી મુજબ ચાલવાનું નથી. જીવનના પ્રવાહને આપણી ઈચ્છા મુજબ વાળી શકાય નહી પણ તેને અનુકુળ થઈ આપણે વહીએ તો તેની મજા અનન્ય હોય છે. અસ્તિત્વ, પરિસ્થિતિ, સમય, સંજોગો અને કાળનો સ્વીકાર કરવું એ જ જીવનની ભૂમિકા રહેવી જોઈએ. વ્યક્તિને સુખ જોઈએ છે. દુ:ખ જોઈતું નથી સારું જોઈએ છે. પણ ખરાબ-ખોટું પડતું મૂકી દઈએ છીએ. દરેક સારી ખરાબ વૃત્તિ એક સિક્કાના બે ભાગ જેવા છે. જેમ દરેક વસ્તુના બે છેડા હોય છે જે ખુલ્લા હોય છે. એમાંથી કયો છેડો પકડવો એ આપણી મનોવૃત્તિ વલણ પર આધારીત છે. જીવન જીવંત, ધબકતું રહેવું કે અટકાવી દેવું આપણા હાથની વાત છે.

– જય જ્ઞાતિમૈયા

# જેવા છે તેવા સ્વીકારો

જન્મથી લઈ મૃત્યુ સુધી જીવન પથ પર આપણને જાતજાતના વિકલ્પ મળતા રહે છે. આપણું સમગ્ર જીવન ખરેખર તો એ વિકલ્પો માંથી આપણે કરેલી પસંદગીઓનું સરવૈયું હોય છે. દુનિયામાં કોઈ વ્યક્તિ એવી નહીં હોય જેણે દરેક વખતે સાચો વિકલ્પ જ પસંદ કર્યો હશે. બધાએ ક્યારેક ન ક્યારેક તો થાપ ખાધી જ હોય છે. તેથી જ બીજા કોઈની પસંદગી પર ટિપ્પણી કરવાનો આપણને કોઈ અધિકાર નથી. જેમ દરેકની કામ કરવાની પોતાની એક પધ્ધતિ છે. એક અલગ તરેહ છે એવી જ રીતે બીજાની વળી અલગ પણ હોઈ શકે. પણ શ્રેષ્ઠ તો એ છે જે બીજાને પોતાના પથ પર સફળતા મળે એવી કામના કરી આપણે આપણી નજર ફક્ત આપણી મંઝિલ ભણી રાખીએ.

દરેક જણ પોત પોતાની રીતે ખરું હોવાનો. પહેલા પ્રકારના લોકો સાચા અને બીજા પ્રકારના ખોટા કે પહેલાં પ્રકારના ખરાબ અને બીજા પ્રકારના સારા તેઓ જે છે તે છે. કોઈ કોઈના જેવો હુબેહુ નથી તેવી જ રીતે વિચારવાણી અને વર્તનમાં પણ સૌ કોઈ અલગ રહેવાનું તો પછી બન્ને વચ્ચે તફાવત રાખવાનો શો અર્થ? જેમ ડાબે હાથથી લખનારા જમણા હાથે લખવાની આદત પાડી શકતા નથી કે સવારે વહેલો ઉઠનાર રાતના મોડે સુધી જાગી શકતો નથી. બળજબરીથી પ્રયત્ન કરવાથી સામેની વ્યક્તિ માનસિક અને શારીરક રીતે તેને કેટકેટલી તકલીફ ભોગવી પડે છે.

જ્યારે આપણે સામેવાળાની હાજરીનો સ્વીકાર કરીએ ત્યારે તે જેવી છે તેવી રીતે તેનો સ્વીકાર કરીએ છીએ. તેનામાં કંઈ પરિવર્તન લાવવું હોય તો બળજબરી થઈ શકતી નથી. હથેળીની પાંચ આંગળી એક સમાન નથી હોતી. દરેકની ક્ષમતા, તેની કાર્ય પધ્ધતિ અને તેની મર્યાદાઓ, ખાસિયતો હોવાની. આપણે પોતે અને આપણા સિવાય બીજા બધા જેવા છે તેવા જ રહેવા જોઈએ જેવા છે તેવા જ સ્વીકારવા જોઈએ. તો જ સમાનતા દ્રષ્ટિ અપનાવી કહેવાશે.

દુનિયામાં બે પ્રકારના લોકો હોય છે. એક એવા જેમને સમય અને શિસ્તના બંધનમાં રહીને આગળ વધવું હોય છે. તો બીજી બાજુ કેટલાક પોતાની મરજીના માલિક હોય છે. તેમને કોઈ બંધન ગમતાં નથી. બંન્ને પ્રકારના લોકોની પોતાની મર્યાદા હોય છે અને પોતપોતાની ખાસિયત હોય છે તેથી જ જેવા છે તેમને તેવા જ રહેવા દેવા જોઈએ અને એનો જ એવી જ રીતે સ્વીકાર કરવો જોઈએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી




સ્ત્રીઓ આજે સશક્ત રીતે પોતાની શક્તિ બળે આગળ વધી રહી છે. નારીમાં નમ્રતા છે. હિંમત છે, સ્નેહ છે તો સ્વાર્પણ છે. તે જે કાર્ય હાથમાં લે છે તેમાં તે ખૂંપી જાય છે અને તેનું પરિણામ લાવી દેવા સમર્થ છે. આજની નારીને શિક્ષણનું ઈંધણ મળ્યું છે. જેને લીધે તેને વધુ ઉર્જા મળી છે. આજે કોઈ પણ ક્ષેત્ર એવું નથી જેમાં એ પાછળ હોય. પુરૂષ વ્યસન છોડે અને સ્ત્રી ફેશન તો તે બન્ને ક્યાંના ક્યાં પહોંચી જાય એવું કહેવાયું તે છતાં સ્ત્રી એકલે હાથે ઝઝૂમી તે વિહંગ જેમ વ્યોમ વિહાર કરી રહી છે.

૮મી માર્ચ વિશ્વ મહિલા દિવસ છે. આ દિવસે મહિલાઓની સિદ્ધિને સફળતાને યાદ કરવી જરૂરી છે. તેની પ્રેરક ગાથા અનેક મહિલાઓને પ્રોત્સાહક બળ પુરૂ પાડી શકે છે. પુરૂષો પાસે જેની કમી છે. તે સ્ત્રીઓ પુરૂષોને ખભે ખભા મિલાવી સાથ આપી શકે એવી એનામાં સાર્મથ્યતા છે. દરેક ક્ષેત્રમાં તેણે પોતાનું કૌવત બતાવ્યું છે અને તેમાં તે સફળતાને વરી છે. ઘર સંસારમાં તે પુત્રી બહેન પત્નીને માતા તરીકે જે બખૂબી રીતે તે પોતાની ભૂમિકા ભજવે છે તેની તોલે કોઈ સંબંધ આવી શકતો નથી. અથાગ મહેનતથી કોઈ વળતરની આશા વગર ૨૪ કલાક ૭ દિવસ અર્દનિશ તે પરિવારજનોની પરવરિશમાં પરોવાયેલી હોય છે. તો સમય સંજોગો વિપરીત આવે તો ઘરનો ઉંબરો ઓળંગી પરિવારનું આર્થિક છત્ર બની રહે છે.

જ્ઞાતિની નારીશક્તિ આજે વિવિધક્ષેત્રમાં પોતાની પ્રતિભા ઝળકાવી રહી છે. એવું કોઈ ક્ષેત્ર બાકાત નથી જેમાં તે પાછળ રહી હોય. મહેનત કશ, અભણ કે ઓછું ભણેલ માતૃશક્તિ અગાઉ ખાખરા, થેપલા, ફરસાણ, મીઠાઈના ગૃહ ઉદ્યોગ દ્વારા પોતાના પરિવારનું સંરક્ષણ બની રહી તો આજની શિક્ષિતનારી કલા, કૌશલ, રમત ગમત કે અન્યક્ષેત્રમાં પણ પાછળ રહી નથી. એવી કેટલીક સફળ નારીઓની ગાથા અત્રેથી જાણીએ.



# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી









**વીણાબેન નાગડા**

મહેંદીનો રંગ ઈન્ટરનેશનલ સુધી પહોંચાડનાર એવા જાણીતા મહેંદી આર્ટીસ્ટ પ્રસિદ્ધ વીણા નાગડાને સૌ જાણે જ છે. મહેંદી જેવી નાની કળાથી તેમણે ઘણી મોટી હસ્તીઓના દિલ જીત્યા છે. જેમનું ભણતર ઓછું છતા મહેંદી કળા દ્વારા ઉચ્ચ પ્રગતિ કરી પોતાનું નામ નેશનલ જ નહીં પણ ઈન્ટરનેશનલ લેવલ સુધી પ્રસિદ્ધ કર્યું. તેમના અંદાજે ૧૫૦ થી ૨૦૦ આર્ટીકલો નેશનલ અને ઈન્ટરનેશનલ જેવા કે બીબીસી હોંગકોંગ અને દુબઈના એમીરેટ્સ જેવા ન્યુઝમાં આવેલ છે.

આટલું જ નહીં તેમણે પોતાનાં સમાજ કચ્છી દશા ઓશવાલ સમસ્ત મહાજનના ચતુર્થ સંમેલનમાં તેમને 'કચ્છ ગૌરવ' બિરુદ આપવામાં આવ્યું હતું. એજ રીતે તેમને 'કચ્છ શક્તિ', 'પરબ સંજીવની મહિલા' જેવી પ્રસિદ્ધ સંસ્થાઓ દ્વારા તેમને સન્માનિત કરાયા છે.



Hollywood હોય કે Tollywood, Bollywood, Politician, Businessman, Belgium Diamand King, LisaArli, Hongkok, Bangkok, London, Dubai, Grice, Itly, Vienna, Lakecomo... વગેરે ચારે બાજુએ વીણા નાગડાએ મહેંદીનો રંગ જમાવ્યો છે.

વીણા નાગડાને કરણ જોહરે તો 'Bollywood Mehendi Queen' નો ખિતાબ આપ્યો છે. આજે વીણાબેન એક સેલિબ્રીટી માનવામાં આવે છે. ૪૧ વર્ષની મહેંદીની સફરમાં તેઓ ૫૦ હજારથી વધુ છોકરીઓને શીખવાડી પગભર કર્યા છે. આવા વીણા નાગડાએ સપનામાં પણ નહોતું વિચાર્યું છે કે મહેંદી જેવી નાની કળાથી તેઓ પોતાની જીંદગીને કલરફુલ બનાવશે.

વીણા નાગડા હંમેશા એમ કહે કે, મારા શ્વાસ જાય ત્યારે મારા પર કંકુ તો ઠીક પણ મહેંદી જરૂર છાંટજો.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી

**Celebrate a Strong Woman inside you**

On this Women's day when I, CS Divya Sameer Momaya (Gaam-Varadia), (Divya Manikant Shah(Gaam- Jakhao)) realize, I am a strong woman, I realize, this is not only because I choose right choices in my life but even when my choices went wrong, I made them right with right acceptance. But without my Family support, without right mentors in my life, this journey wouldn't have been meaningful.



દિવ્યા સમીર મોમાયા

(ગામ-વરાડીયા)

Today, I cherish the beautiful life I have got and look forward to even come out to be the better version of myself. Happy Women's day to all. Though in our hearts, we celebrate women's day everyday, today is the day to remind us that there is something special about us and explore that special and reach to maximum potential of our life rather than complaining about the life. Today I am a , Practicing Company Secretary, Founder of MentorMyBoard, Independent Director of Motilal Oswal Financial Services Ltd, Motilal Oswal Home Finance Ltd, Arihant Superstructures Ltd Co-Chairperson of IMC Chamber of Commerce and Industry, Navi Mumbai, National Mentorship Convener- JITO JBN, Member of various Committees like JITO NAvi Mumbai, BNI, KDO Venture Katalyst, KDO -Nari Shakti, Sanskar Gurukul and others Mentor of Change with Niti Ayog, Government of India Author of the Book- "Coming Home to In-Laws" which is a tribute to my Mother In Law and my Mother who have strongest influence in my life! The Journey continues and life excites me to help more and more people in my career, my social circle and society at large.

For men, today I would say, though you may appreciate your wife, mother, daughter, friend for all her support to you, appreciate her success, support her in her failures and today remind yourself that some woman has sacrificed, contributed for your growth and be grateful and respectful to that person whether its your mother, wife , your female friend or your daughter.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી

દ્રઢ મનોબળ અને ઉત્સાહથી અસંભવિત વાત પણ સંભવ બને છે. તેનું જીવતું જાગતું ઉદારણ મેરોથન રનર લજીતા ખોનાનું છે. તેમનાભાઈ સુમનભાઈ લોડાયા દ્વારા પ્રેરણા લઈને મેરેથોનમાં દોડવાનું નિશ્ચય કર્યો પરિવારના સાથ સહકારથી સ્ટાન્ડર્ડ ચાર્ટડ મુંબઈ મેરેથોનમાં પ્રથમવાર ભાગ લઈ ૧૫માં ક્રમાંકે રહ્યાં તે બાદ સતત છ વર્ષ સુધી એ સ્પર્ધામાં અચૂક ભાગ લીધો હતો. નેશનલ ચેમ્પિયનશીપ રનમાં ૧૦૦ મીટરમાં ગોલ્ડ અને ૪૦૦ મીટર રીલેમાં સિલ્વર મેડલ વિજેતા થયા ત્યારબાદ સતત અન્ય સ્પર્ધાઓમાં ભાગ લીધો. જેમાં સર્વોદય મંડળ આયોજીત રન સ્પર્ધામાં પ્રથમ, કચ્છ યુવક સંઘ આયોજીત દોડ સ્પર્ધાઓ પ્રથમ, મુલુંડ મેરેથોનમાં સતત ત્રણ વર્ષ સુધી પ્રથમ નંબરે વિજેતા થયા પિંકોથોન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો.

ચિતા જેવી ચીલ ઝડપથી તેઓ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે જે તેમના ઉત્સાહ ધગશ અને મહેનતને લીધે જે સફળતા મળે છે તે દર્શાવે છે. મહારાષ્ટ્ર સ્ટેટ લેવલ પર માસ્ટર્સ ઓપન એથલીક્સમાં ૧૫૦૦ મીટર ૧૦.૨૭ મિનીટમાં પુરૂ કરી ગોલ્ડ મેડલ, ૧૦૦ મીટર ૨૦.૯ સેકન્ડમાં અને લોંગ જમ્પ ૧.૮૪ મીટર પાર કરી સિલ્વર મેડલ હાંસિલ કર્યા. આ સિદ્ધ ૬૦.૩૫ વય ગ્રુપમાં ભાગ લઈ નવેમ્બર ૨૦૧૮માં મેળવ્યા. તે ઉપરાંત નેશનલ માસ્ટર એથેલ્ટિક્સ ચેમ્પીયન અપ વર્ષ ૨૦૧૯ રાષ્ટ્રીય સ્તરની ૬૦ વર્ષના વય ગ્રુપમાં ૪x૧૦૦ મીટ રીલે રેસમાં ગોલ્ડ મેડલ મેળવ્યું જેમાં પર્ફોમન્સ ટાઈમ ૧.૩૩.૬ મિનિટનું હતું તથા ૮૦૦ મીટર રેસ ૫.૧૩.૦ ટાઈમમાં પાર કરી સિલ્વર મેડલ મેળવ્યું.

વયની અસરના વળતાં પાણી થતાં નથી તે તેમણે ખરેખર સાબિત કર્યું છે.



**લજીતા ભરત ખોના જખૌ, મુલુંડ**



# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી



Khyati Punit Dharamsi (Kutch: Jakhau, Hal: Navi Mumbai) is an award-winning Financial Journalist, covering insurance, mutual funds, taxation, banking and entrepreneurship for the past one and half decades, during which she has written 1700 plus articles.



ખ્યાતિ પુનિત ધરમશી
(કચ્છ-જખૌ, હાલ-નવી મુંબઈ)

Currently, she extensively writes personal finance columns for www.moneycontrol.com, India Today, Money Today and Outlook Money. She has also written for huffingtonpost.com and quartz.in. Simultaneously, she also assists banks, mutual fund houses, insurance companies, stock broking and wealth management firm, fintechs and start-ups generate content for their websites, in-house magazines and emailers, speeches and articles for the senior management and top executives.

She is writing not just for Indian financial services firms, but for those based in South-East Asia, Europe and Australia too.

In the past she has worked with financial newspapers like DNA Money and The Economic Times -Wealth. She has interviewed marquee personalities like P Chidambaram(former Finance Minister), C B Bhave and U K Sinha (former Sebi Chairmen) Chanda Kochhar (ex ICICI Bank), Shikha Sharma (ex Axis Bank), Rana Kapoor(Yes Bank), T S Vijayan (LIC), Motilal Oswal, Nilesh Shah, Navneet Munot (HDFC MF CEO/ ex SBI MF CIO) and many financial company heads.

Her article on “22,000 crore worth of unclaimed money lying in various investment instruments” won the runner-up prize as the Best Business Story under Red-Ink Awards for Excellence in Journalism in 2013.

Khyati is currently a committee member of KDO Samasta Mahajan Nari Shakti and KDO Classic Youth.She aims to help more women achieve financial independence and save right through more awareness initiatives.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી





શ્રીમતી ગીતા હંસકુમાર શાહ-હૈદ્રાબાદ

હૈદ્રાબાદની ઉસ્માની યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલા ગીતા શાહ નવી પર્સનાલિટીની જીવનશૈલીની સમજ અને સ્વીકૃતિ સાથોસાથ મૂળ પરંપરાગત મૂલ્યોના જ્ઞાન સાથે સંગમ ધરાવતું એક અનોખું વ્યક્તિત્વ છે. તેમણે તમામ ક્ષેત્રોમાં જવાબદારી સાથો સાથ પ્રતિભાની ભાવના વિકસાવી રાખનારા બાળપણ એક પ્રેમાળ વ્યક્તિ છે.

ગીતાબેનને હંમેશા કંઈક નવું કરવાનો શોખ અને નવું આવિષ્કાર કવાનો ઉત્સાહ રહેતો. ૮૦ના દાયકામાં તેઓ ઘરમાં બનાવેલા મલમ, સાબુ, ટૂથ પાઉડર વિગેરે ઘરેલુ બનાવટની વસ્તુઓનો ઉપયોગ કરે છે.

વર્ષ ૧૯૯૧માં પરિચિત બે જરૂરિયાત મંદ બહેનો તેમની પાસે કેટલીક આર્થિક મદદ મળવાના આશયથી આવી હતી. ગીતા બહેનએ તેઓને વચન આપ્યું કે રોજગાર આપીને તેમને જરૂરરૂપ થશે. બીજા જ દિવસે તેમના નિવાસસ્થાને ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો. જેમાં ખાખરા અને અન્ય સુકા નાસ્તા બનાવવા માટે તેમને તાલીમ આપી આ બાદ પ્રોજેક'ટમાં અન્ય સુકા નાસ્તા બનાવવા માટે તેમની તાલીમ આપી આ બાદ આ પ્રોજેક્ટમાં અન્ય ઘણી બહેનો જોડાઈ અને તાલીમ સાથો સાથ હુન્નર અને રોજગાર પ્રાપ્ત કર્યો. તેઓએ આ ગૃહ ઉદ્યોગ દ્વારા બનતી ચીજ વસ્તુઓ, ખાદ્યવસ્તુઓ, સ્વાદ અને શુદ્ધ માપ દંડ ધરાવતી વસ્તુઓના ઉપયોગથી થતી હોવાથી ગ્રાહકો દ્વારા તે ખૂબ પસંદ કરાઈ. આ ખાદ્ય વસ્તુઓ માટે તેઓએ ક્યારે સમાધાન ન કર્યું.

તેમની જીવન શૈલી ઉત્સાહનો ભારત સામગ્રીના ક્ષેત્રમાં દેશભરના વિવિધ પ્રદેશ વિભાગના કારીગરોને રોજગાર પણ આપે છે. ઘણી અગ્રણી સંસ્થાઓએ જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાના તેમના પ્રયાસો વિશે જાણી તેમના કાર્યની પ્રશંસા કરી એવોર્ડ સાથે તેમને સન્માનીત કર્યા ઘણાબધા રાષ્ટ્રીય પ્રકાશન ગૃગો અને ટીવી ચેનલોએ તેના ઈન્ટરવ્યું લીધા આમ તેઓ ટોક ઓફ ધ ટાઉન બની ગયા.

આ સાથો સાથ તેમણે સમાજ માટે પણ ઘણું યોગદાન પ્રદાન કર્યું તેઓ કેડીઓ મહિલા હૈદ્રાબાદના પ્રમુખ તથા દક્ષિણ ભારત કેડીઓ મહિલા મંતના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા અને હવે લાયોનેસ ક્લબ હૈદ્રાબાદ પૂર્વના ડિસ્ટ્રીક ૩૨૦ એના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યાં છે. અને કોવિડ ૧૯ ક્લબ સાથે જરૂરી વ્યક્તિઓની સેવા કરી રહ્યાં છે.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી




**PANNA MOMAYA**

Father - Nitin Padamshi Momaya, Mother: Sheela Nitin Momaya, Kutch Gam: Tera, Educational Qualification: M.com, Ll.b, Pg.diploma In Human Rights

ACHIEVEMENTS:

- Recipient of The Bharat scouts and Guides Governors Award in 1990
- Recipient of The Bharat scouts and Guides Presidents Award in 1991
- Represented Gujarat state at National level Athletics championships for 17 times.
- Established new Record in High Jump event in Gujarat University
- Was adjudged BEST ATHLETE of Gujarat University for 5 consecutive years
- Cleared Gujarat Board Police Exams and was appointed as Direct Police Sub-Inspector in 20001
- First Lady to be adjudged "Sword of Honour" Award in the batch of 232 Police Sub-Inspectors.
- Cleared Gujarat Public Service Commission Exam and was appointed as Mamlatdar in 2005.
- Again appeared and Cleared Gujarat Public Service Commission Exam and was appointed as Deputy Superintendent of Police in 2011.
- First Lady to give Guard of Honour to Hon. Chinese President Mr Jing Ping during his visit to Ahmedabad, Gujarat in 2014.
- Was appointed as personnel security officer of First Lady of Japan Hon. Mrs Akie Abbe during her visit to Ahmedabad, Gujarat in 2017.
- Served as Deputy Superintendent of Police Headquarter, Surendranagar, Assistant Police Commissioner Women's Cell Crime Branch, Ahmedabad City and Deputy Commissioner of Police Zone 2, Ahmedabad City
- Presently posted as Deputy Commissioner of Police Zone 4, Surat City.
- Recipient of Kutch Shakti Award, Nari to Narayani Award and KDO Gaurav Award



પન્નાબેન મોમાયા

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી






### માયાબેન શ્રોફ (નાગડા)

બાળપણથી મુંબઈથી કોઈમ્બતુર સ્થળાંતર કરી માતા પિતા અનિલ હીરાચંદ નાગડાની છત્રછાયામાં મોટા થયેલા માયા શ્રોફ અને કોઈમ્બતુરમાં શિક્ષણ મેળવ્યું અને ત્યાંના સ્થાનિક વતની સાથે લગ્ન કરી કોઈમ્બતુરમાં સ્થાઈ થયા છે. બાળકો મોટા થઈ પોતાની રીતે સાંસારિક, આર્થિક અને વ્યવહારિક રીતે આત્મનિર્ભર છે. એટલે સમાજ સેવાની ભાવનાથી તેઓ કેન્સરથી પ્રભાવિત બાળકોની સહાય અર્થે સતત સેવારત છે. છેલ્લાં દસ વર્ષથી આવા દયનીય અવસ્થાથી પીડિત બાળકોને માટે સતત ભોગ આપી રહ્યાં છે. તેઓ શ્રી રામ કૃષ્ણ ઈન્સ્ટીટ્યુટ ઓનકોલોજી અને સંશોધન સાથે સંકળાયેલા છે.

કોરોના મહામારીને લીધે સ્થળાંતર થઈ આવતા લોકોની દયનીય હાલતથી દ્રવિત થઈ તેમને મદદ આપવાનો સંકલ્પ કરી તેમને કિરાણાની વસ્તુઓની કીટ આપવાનું શરૂ કર્યું. શહેરમાં ફસાયેલા લોકોને ખોરાક તેમજ ઠંડીથી બચવા ધાબળાનું દાન કર્યું.

લોકડાઉન પરિસ્થિતિમાં સેવા કાર્યની પ્રશંસા થઈ. ભાજપના જિલ્લા સચિવ પદ પરથી તેઓની નિમણુક રાજ્ય સચિવ તરીકે નામાંકિત કરાઈ છે. તેમના સેવા કાર્યની ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા વિસ્તૃત નોંધ લેવાઈ છે.

જ્યારથી સમાજના કમનસીબ અવસ્થા ધરાવતા લોકોના સંપર્કમાં આવીને જે સેવા કરવાનો સંતોષ મળે છે જેનું વર્ણન કરવું શક્ય નથી. આસપાસના લોકોની મુસીબતો સમજી તેમની તકલીફો દૂર કરવાની દરેક ફરજ બની રહે છે. જેના દ્વારા સમાજનો ઉત્થાન શક્ય છે. સ્ત્રીએ માતા છે. તેનામાં અન્ય પ્રત્યે દયા, લાગણીની ભાવના મૂળથી રહેલી હોય છે. આમ મહિલાઓ પોતાના પરિવાર ઉપરાંત સમાજ માટે દેશ માટે પણ સેવાકીય ભાવનાથી ઉત્થાન કરી પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકે છે. તેમને કેડીઓ જ્ઞાતિ સમાજની પુત્રી હોવાનો ગર્વ છે.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી





અમી નીરજ શાહ

As it is rightly said...the only place where success comes before work is Dictionary..

Nothing can be achieved without being committed and consistent. So was my journey..

I ,Dr Ami Neeraj Shah,was plump in my adolescent times which made me very upset about the way I looked, but my parents always encouraged me..to be the best..

This helped me excelling..in my career. But after being a dental surgeon and a mother of two children...I put on those flabs post partum.

I wasn't putting my best foot forward and also restricted myselves to a particular dresscode to hide my extrakilos.

At this point... Out of frustration I joined my local gym .I enjoyed weight training...so I started reading books related to the same.Soon I started busting my fitness and health myths. In 2015, A runner couple inspired me to pursue long distance running. This was a very new experience for me.

With running...came discipline of hitting to the bed on time,eating right and training consistently.I ran many half marathons and ran my first 42kms full marathon in 2019.

Slowly I started adapting a life of an athlete.. the best part was... I was reverse aging.

There is no secret pill that brings better health.I started developing love for yoga too..

Yoga gave me inner strength and peace. In difficult times...it held me together from shattering down and it made me work inwards rather working outwards.

Our body is the only place where our soul dwells..lets give it the best.

A place where it can grow,nurture, evolve into a whole being..learning each day, progressing each moment...living each breath.. I learned that beyond physical health is mental health...and healing .This gave a broader perspective to life.

So my message to all young girls is that Let's give life its best shot ..as there are no retakes in this drama so called LIFE. STAY FIT, STAY BLESSED.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી





### શ્રીમતી ખ્યાતિ વિજયભાઈ વોરા

આ જગતમાં દિકરી તરીકે અવતાર લેવો તે અભિષાપરૂપ ગણાતું હતું તેમાં પણ દિવ્યાંગ દિકરી તરીકે અવતાર ધારણ કરનાર જીવ માટે તો આ સંસાર નરક જ ગણાય કારણ કે અર્ધ કે અલ્પ વિકસીત જીવની કોઈ કિંમત જગતમાં ન જ હોઈ શકે થોડાં વર્ષોથી દિકરીની ખોટ વર્તાતા સમાજે તેની જરૂરીયાત અનુસાર વ્હાલનો દરિયો ગણી લડાવીને તેના ઉછેરમાં કાળજી લેવાનું શરૂ કર્યુ છે.

જગતમાં માનવ અવતાર મળવો અને તેમાં પણ સૌરાષ્ટ્રની મીની પાલીતાણા સમાન તથા હિંદુ ઉક્તિઓમાં છોટી કાશી ગણાતા જામનગરના જૈન કુળમાં અવતાર મળવો તે તો સોનામાં સુગંધ સમાન છે. મનો દિવ્યાંગ પુત્રી તરીકે મોટા બંને મનો દિવ્યાંગ ભાઈઓની તેમના જેવી જ  દિવ્યાંગ પુત્રી તરીકે જન્મનું કદાચ અભિશાપ ગણાઈ હોત પરંતુ આ પુત્રી ક્યાં દિવ્યાંગ તરીકે જન્મી છે? તે તો તેની માતાની હિંમતમાં વધારી કરવા જ આવી છે.

જામનગરની સરકારી હોસ્પિટલ (જી.જી. હોસ્પિટલ)ના અધિકૃત તબીબતા પ્રમાણપત્ર મુજબ ૫૦% મતો દિવ્યાંગતા ધારણ કરનાર ખ્યાતિએ રમતગમત તથા સાંસ્કૃતિક ક્ષેત્રે નીચે મુજબ સિદ્ધિઓ હાંસલ કરી વિખ્યાત બની છે.

૧.) સ્પેશીયલ ઓલીમ્પિક ભારતમાં .. રાજ્ય કળાની હરીફાઈ ૨૦૧૦-૫૦ મીટર વોકમાં પ્રથમ ગોલ્ડ મેડલ.

૨.) સ્પેશીયલ ઓલીમ્પિક ભારતમાં .. રાજ્ય કળાની હરીફાઈ ૨૦૧૧- ૫૦ મીટર ફાસ્ટ વોકમાં સિલ્વર મેડલ.

૩.) ખેલ મહાકૃતી ૨૦૧૧ - રાજ્ય કમાની હરીફાઈ

૪.) જુનાગઢ જીલ્લા કક્ષા વિકાસ મહોત્સવ - ૨૦૧૪માં ગોળા ફેકમાં પ્રથમ.

૫.) જામનગર જીલ્લા કક્ષાની સાંસ્કૃતિ પ્રવૃતિઓમાં નાટ્યમાં દ્વિતીય -નાટ્ય (ગ્રુપ)માં દ્વિતીય ક્રમ.

૬.) જામનગર જીલ્લા કક્ષાની નૃત્ય (રાસ)માં પ્રથમ ક્રમ.

ઉપરાંત સક્ષમ બહેનો સાથે સ્ટેજ પરફોમન્સમાં તથા બ્રાઈડલ સ્પર્ધા ગરબા, દાંડીયા, રંગોળી, હરીફાઈમાં ભાગ લઈ સામાન્ય બહેનો સાથે જ ઈનામો મેળવ્યા છે.

શ્રી કે.ડી.ઓ જ્ઞાતિના ચતુર્થ સંમેલનમાં નલીયા મુકામે જ્ઞાતિ ગૈરવ એવોર્ડથી સન્માનીત કરાયેલ છે. જુદી જુદી નારી સંસ્થાઓ આયોજીત ફેશન શોમાં ભાગ લઈ કેટ વોક કરી ઈનામો મેળવ્યા છે. રાસ ગરબા મટુકડી, ફીસાઈલ તથા દાંડીયા રાસમાં પણ ઈનામો મેળવ્યો છે. કોરોના કાળમાં અન્ય બાળકોની માફક સ્પેશીયલ ટીચર મારફત તાલીમ મેળવી દાંડીયા તથા ગરબા શણગાર સ્પર્ધામાં ભાગ લઈ જીલ્લા કક્ષાએ સ્પેશીયલ ઈનામ મેળવેલ છે.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી



**પ્રિતી લોડાયા**

**Introduction :** I Preeti Lodaya Welcome to the all KDO Nari to the world of Financial Strategists, the world of realizing financial dreams. At, we know financial planning is not just number crunching but a science and art of planning investments leading to realization of dreams. We cherish the role we play that of a catalyst, bringing smile on the face of clients when we help them realize their dream of financial independence. Signature financial awareness sessions empower the investors through education, helping them take informed decisions for their financial well being.

**My Intro :** Redwood Financial Strategists (RFS) is founded by Mrs Preeti Lodaya, post graduate in commerce and a Chartered Financial Analyst (ICFAI) which is considered Gold standard in investment management. She is also an IRDA and AMFI certified finance professional. Her passion for spreading financial literacy and helping people get unbiased well researched financial advice resulted in founding “Redwood Financial Strategists” in 2011. All the services ranging from Cash flow planning, wealth management, Comprehensive Planning, for individuals and corporate are provided under one roof. Her diverse clients include renowned • Corporates • Doctors • HNIs • Pilots • Software Professionals • Entrepreneurs • EXIM houses.

Redwood Financial Strategists has the reputation of 100% client retention till date, which stands testimony to its commitment to excellence, and independent advice.

She was also selected by DSP BLACKROCK Asset Management company to deliver their signature maiden Sheconomics sessions in Bangalore. She believes in empowerment through education, and also takes investor awareness sessions on regular basis. She has been on the board of Prestigious KAMFA

**Media Presence -** She has been featured multiple times through her articles on financial wellbeing. Her case studies on financial planning have been featured in the Times of India, The Hindu has published her article on power of compounding, The MINT has featured her in the GURU column for her article on managing Volatality. She was recently on Radio one answering investor questions on how young mothers can plan their finances better.

**Awards and Recognitions -** She has been recepient of "NARI TU NARAYANI" award in Mumbai. She has been selected as Chapter president for BNI Bedazzlers twice in the span of 5 years.

**Our Philosophy -** Our philosophy in investing encompasses principles of wealth preservation, consistent tax efficient income generation, taking calculated risks and being open to new ideas and creative solutions. We believe not only in raising the bar but in changing the game. Our unique wealth management strategies constantly adapt to our client's dynamic lifestyle.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી





### રૂપલબેન નાગડા

ડાન્સર, એક્ટર, સિંગર, ગિટાર પ્લેયર જેવી બહુમુખી પ્રતિભા ધરાવતી રૂપલ નાગડા સાડા ત્રણ વર્ષની વયથી જ અભિનય ફિલ્ડમાં આકસ્મિક રીતે પ્રવેશ કર્યો હતો. તેના પપ્પા ઈન્ટીરીયર ડિઝાઈનર હતા તેમનું કામ ફિલ્મ નિર્માણ ધીરજ કુમારને ત્યાં શરૂ હતું ત્યાં તે પોતાની પપ્પા સાથે ગઈ હતી. ત્યારે ધીરજીકુમાર પોતાની સિરિયલ 'કહાં ગયે લોગ' માટે એક નાની બાળકીના રોલ માટે શોધ કરી રહ્યાં હતા. ધીરજકુમારની પત્નીની નજર રૂપલ પર પડી અને તેની નજરમાં એ રોલ માટે પરફેક્ટ લાગી. તે જ વખતે બે ચાર લાઈન પ્રેક્ટિસ માટે બોલવા આપી જે તેણીએ બખૂબી બોલી બતાવી. આમ પહેલીવાર તે કેમેરા સામે આવી અને અભિનય ક્ષેત્રના દ્વાર તેના માટે ખૂલી ગયા ત્યારબાદ બાજીગર, સાંતવા આસમાન, પાય વિગેરે ફિલ્મો, સિરીયલ અને એડવટાઈઝમાં તેની પ્રતિભા ઝળકવા લાગી.

સમય પાંળદીમની ચૂસ્તા ધરાવતી રૂપલ નાગડા પોતાના હિસાબે યુનિટ કે પ્રોડેક્શ હાઉસને નુકસાની ન ભોગવવી પડે એ માટે સમયનું ચુસ્તતાથી પાલન કરે છે. જે તેનો વિશેષ ગુણ છે. કોઈ ફિલ્મી બ્રેક ગ્રાઉન્ડ ન ધરાવતી હોવા છતાં પોતાના બળે લાંબી જર્ની આ ક્ષેત્રે તેણે પાર કરી છે. કોઈ રોલને નાનો મોટા ન સમજતા માફ્ર તેમાં પોતાના અભિનયમાં જાન રેડી દેવું એ તેની ખાસિયત રહી છે. કલ્યાણજી આણંદજી પાર્ટી સાથે તેણે સ્ટેજ શેર કર્યું છે. ગાયનનો શોખ છે અને સારી ગિટાર આર્ટિસ્ટ પણ છે. દિગ્ગજ કલાકારો સાથે અભિનય કરતાં નર્વસ થયા વગર માત્રને માત્ર પોતાના કામમાં ધ્યાન આપી કોન્ફિડન્સ રાખવો જેથી દિગ્ગજ કલાકાર પણ અચંબો પામે એવું તેણી માને છે. અને તેવો તે એટિટ્યુટ રાખે છે.

# મહિલા દિન વિશેષ

## અનંત આસમાનમાં પોતાની પ્રતિભા ચમકાવનારી કેડીઓ નારી






### શ્રીમતી મીનલ ભરત ખોના

Being a successful lawyer dealing with property conveyance is a tough job, one that Minal B. Khona handles with grace. The going had initially been tough for me. "I could not earn much for a while. Yet, I was still happy," says Minal. At the time, I did not even have money to pay a typist, It is my love for work which drives me to accomplish more. "By God's grace, I never looked back. And it is constant work. As a lawyer, you need to read every day With so many rules being drawn out, you need to update your knowledge in order to be able to cater to your clients," she says. While I has diversified my practice into other fields, i channelises the work to my team some of that work to me efficient team. She says, "Being a woman, I found there was no substitute for hard work. And one always remembers the work when it is done from the heart," "Property is a male-dominated market, and the seniors would look down on me when I started. But I only focused on performing for my clients." so I does not regret the struggle and conquered the male bastion with panache.

